"મુખ્યમંત્રી સુપોષિત ગુજરાત નિધિ" માટે ખાતું ખોલવાની મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:આઈસીડી/૧૧૨૦૧૯/૩૮૦૦/બ
સચિવાલય ગાંધીનગર
તા. ૦૧-૦૨-૨૦૨૦

આમુખ:

ગુજરાતને સુપોષિત કરવાના ભાગરૂપે ત્રણ વર્ષના લાંબાગાળાનું આયોજન કરવા તેમજ કાર્યક્રમને મહોત્સવ/યાત્રા/સપ્તાહ રૂપે ઉજવણી કરવા ગુજરાત પોષણ અભિયાનનો પ્રારંભ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. સી.એસ.આર અંતર્ગત જે પણ રકમ મળે તેનું એક કોર્પસ ફંડ ઉભું કરી અને તે ફંડમાંથી જ પોષણ ત્રિવેણી આંગણવાડી કાર્યકર/તેડાગર, આશા વર્કર તેમજ એ.એન.એમ. ને પ્રોત્સાહન આપવા અને જો રકમની ઘટ પડે તો તેની અલગ જોગવાઇ કરવા અંગે નિર્ણય કરેલ છે. ગુજરાત પોષણ અભિયાન: ૨૦૨૦-૨૨ અંતર્ગત કૂપોષિત બાળકોના પોષણ સ્તરમાં સુધારો લાવવા નીચે મુજબના સૂચકાંક નક્કી કરવામાં આવેલ છે.

- આંગણવાડીના તમામ ઓછા વજનવાળા બાળકોને સામાન્ય વજનમાં લાવવા
- Severely Acute Malnourished (SAM) બાળકો મુકત આંગણવાડી બનાવવી
- Moderately Acute Malnourished (MAM) બાળકો મુકત આંગણવાડી બનાવવી
- કિશોરીઓમાં એનીમિયાનાં પ્રમાણમાં વાર્ષિક ૬% નો ઘટાડો કરવો
- અતિગંભીર એનીમિક સગર્ભાઓનું પ્રમાણ "શૂન્ય" કરવું
- જન્મ સમયે ઓછા વજનવાળા બાળકોનાં પ્રમાણમાં વાર્ષિક ૩% નો ઘટાડો કરવો

વર્ષના અંતે પોષણ ત્રિવેણીની ટીમ દ્વારા તેઓના કાર્યક્ષેત્રમાં આવતી આંગણવાડીમાં ઉપરોક્ત લક્ષ્યાંક પુર્ણ કર્યાથી તેઓને પ્રોત્સાહન રકમ આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં જનભાગીદારીમાં જોડાવવા માટે "મુખ્યમંત્રી સુપોષિત ગુજરાત નિધિ" અંતર્ગત આર્થિક સહયોગ મેળવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જેમાથી ઉપરોક્ત પોષણ ત્રિવેણીને આપવાની થતી પ્રોત્સાહન રકમ તેમજ ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ માટેના આનુસાંગિક ખર્ચ કરવામાં આવનાર છે.

આમ, સી.એસ.આર. મારફતે મળેલ ફાળો સુપોષણ માટે ઉપયોગ કરવા એક કોર્પસ ફંડ "મુખ્યમંત્રી સુપોષિત ગુજરાત નિધિ"નું સેવિંગ બેંક ખાતું રાષ્ટ્રીયકૃત બેંકમાં ખોલવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## //ઠરાવ//

પુખ્ત વિચારણાને અંતે "મુખ્યમંત્રી સુપોષિત ગુજરાત નિધિ" માટે એક સેવિંગ બેંક ખાતું રાષ્ટ્રીયકુત (૧) દેના બેંક, (૨) સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, (૩) સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા, (૪) બેન્ક ઓફ બરોડામાં, (૫) UCO બેંક પૈકી કોઇપણ એક બેંકમાં ખાતુ ખોલવા નીચેની શરતે મંજુરી આપવામાં આવે છે:

**શરતો:**

૧) બચત ખાતુ ખોલવા માટે ઉપર દર્શાવેલ પાંચ રાષ્ટ્રીયકૃત બેંકો પૈકી કોઇપણ એક બેંકમાં ખાતુ ખોલવા માટે કમિશ્નર કક્ષાએ નિર્ણય લેવાનો રહેશે.

૨) મુખ્યમંત્રી સુપોષિત ગુજરાત નિધિના સંચાલન માટે ચોક્કસ વ્યવસ્થા ઉભી કરાવાની રહેશે.

૩) મુખ્યમંત્રી સુપોષિત ગુજરાત નિધિમાંથી રકમ વપરાશ અંગેના ચોક્કસ નિયમો/હેતુઓ નક્કી કરવાના રહેશે.

૪) બચત ખાતાનું નિયમિત ઓડીટ થાય અને નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૬/૧/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
મુખ્યસચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
જિલ્લા કલેક્ટરશ્રી, તમામ
જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ
વિભાગીય નાયબ નિયામકશ્રી (અમદાવાદ,વડોદરા,રાજકોટ અને સુરત)
પ્રોગ્રામ ઓફીસરશ્રી, આઇસીડીએસ તમામ
પ્રોગ્રામ ઓફીસરશ્રી, મહાનગરપાલિકા (અર્બન) તમામ
સિલેક્ટ ફાઇલ